# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

વાગડની સાસુ જેવા છે એલ.જી., બીવું પડે છે!
રહે શ્વાસ અદ્ધર, પરાધીન જીવવું પડે છે
છે નામની જ સરકાર, સત્તા-મત્તા વગરની-
'આપ'ને તો હવે પાણી યે પૂછીને પીવું પડે છે!

## હાઈકુ

સળવળે છે,
સાપો, ત્રીજા મોર્ચાના -
કરંડિયામાં..

સેવે સપનાં,
હજી ઘોડે ચઢવા -
એલ.કે. બાપા!

## ચિંતન

*ब्राह्मणा गणका वेश्याः सारमेयाश्च कुक्कुटाः ।*
*दृष्टेष्वन्येषु कुप्यन्ति न जाने तस्य कारणम् ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા પ્રકરણનો આ શ્લોક એક 'નિરીક્ષણ' અનુભવની વાત કરે છે.

'બ્રાહ્મણો, જ્યોતિર્ષીઓ, વેશ્યાઓ, કૂતરાં અને કૂકડાં - આટલાં પોતાની જાતના જાતિભાઇઓને જોતાં જ કુપિત થઇ જતાં હોય છે એના પાછળ શું રહસ્ય-કારણ છે એ હું જાણતો નથી' (એમ કવિ કહે છે.) કવિશ્રી કહે છે અને સ્વીકારે પણ છે કે કોણ જાણે કેવો અલિખિત નિયમ-સ્વભાવ-રીત છે માણસો 'જાત ભાઇ' પ્રત્યે તો દ્વેષ જ રાખે છે.

અહીં બ્રાહ્મણો - (કર્મકાંડ કરાવનાર-કથા વાંચનારા) અંદર અંદર ઇર્ષ્યા તો કરે પણ યજમાન પાસે એકબીજાના દોષ દર્શાવી ઉતારી પાડે છે જ્યોતિષીઓ-પણ એકમેકનાં ફળાદેશથી સંમત થતા નથી. વેશ્યાઓની ઇર્ષા તો સમજી શકાય. અરે કૂતરાં એક જ શેરીમાં રમતાં- તોફાન મસ્તી કરતાં હોય તો પણ ખાવાનું સામે આવે ત્યારે શાંતિથી ખાવાને બદલે એકબીજાને ઘૂરકી-બટકા ભરવા લાગે છે.

રાજકારણમાં પોતાના જ પક્ષમાં જ જૂથોની વૈરભાવના નથી હોતી? ઘરમાં પણ પરિવારમાં મારૂં-તારૂંની ખટપટો-ખૂનામરકી સુધી નથી પહોંચી જતી?

પશુઓ પણ એકમેકને શીંગડાં નથી ભરાવતાં વેપારીક સ્પર્ધાઓ-બધી જગ્યાએ આ જ 'સત્ય' નથી દેખાતું? કોણ જાણે કેમ?!

## સુવિચાર

- ત્યાં સુધી મને મૃત્યુનો ભય લાગ્યા કર્યો, જ્યાં સુધી મને એ આત્મસાત ન થયું કે એ અંત નહીં પણ એક શરૂઆત છે — *- ડૉ. શરદ ઠાકર*
- નિપૂર્ણતા એ ગરીબની મૂડી છે — *- સંતરામ*
- કોઇ તમને એકવાર છેતરી જાય તો તેને ધીક્કારજો, બીજીવાર પણ જો છેતરી જાય તો તમારી જાતને ધીક્કારજો — *- અમૃત બિંદુ*
- ક્ષમતા + ચાલકબળ = કામગીરી, જ્ઞાન + આવડત = ક્ષમતા, અભિગમ + વાતાવરણ = ચાલકબળ — *- જનકલ્યાણ*
- પૂરતી તૈયારી અને તકના સરવાળા પછી જે સર્જાય એને આપણે નામ આપીએ 'નસીબ' — *- ચિંગલેના*
- સંત પાસે જઇ, સંત ન થાવપણ શાંત તો થાવ — *- કાન્તિ ભટ્ટ*
- પોતાની મેળે માર્ગ શોધવો અને પાછળ આવનાર માટે કેડી કંડારતા જવું એ જ સાચી કેળવણી — *- પ્રેમ કથન*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

બે નંબરી, આડમાર્ગેથી આવેલી, લાંચરૂશ્વતની ખાયકી-કૌભાંડોની સંપત્તિ એકદી કરનારા મનમાં ખાંડ ખાતા હોય છે કે અમે અમારી સાત પેઢીનાં 'તારણહાર' છીએ. પણ એમને એ કલ્પના જ નથી હોતી કે એ 'તારણ' નહીં પણ 'મારણહાર' બને છે વગર મહેનતે મળેલી વારસાની સંપત્તિ સંતાનો ગમે તે માર્ગે ઉડાડે છે અને વ્યસન-વ્યભિચાર રોગોના શિકાર થાય છે. આવી કાળી લક્ષ્મી કુળ-પેઢીનો નાશ જ કરી નાખે છે...

ભારતેન્દુ હરિશ્ચંદ્ર મોટા સાહિત્યકાર થઇ ગયા. કાશી તેમનું વતન. કાશી નરેશ તેમના પ્રશંસક અને પારીવારિક મિત્ર હતા. ભારતેન્દુ સાહિત્યકાર તરીકે ખ્યાત હતા જ પણ દાનવીર તરીકે વિશેષ પ્રખ્યાત હતા. ગરીબો - જરૂરિયાતમંદોને દાન આપતા. કેટલીય કન્યાઓનાં 'કન્યાદાન' અપાવતાં. કોઇ પણ ગરીબ એમનાં આંગણેથી 'નિરાશ' થઇ ન જતો.

... આમને આમ ભારતેન્દુ ખલાસ થઇ ગયા. પૂર્વજોની સંપત્તિના જમીન-ઘર-ગરાસ વેંચવા પડયાં. નિર્ધન જેવી પરિસ્થિતિ થઇ છતાં દાન વૃત્તિ છોડી નહીં. કાશી નરેશના કાને વાત આવી. ભારતેન્દુને બોલાવી સાચી સલાહ આપી કહ્યાં, 'હવે દાન પુણ્ય છોડો. તમારી પોતાની જ સ્થિતિ હવે દાન લેવા નીકળવું પડે એવી થઇ ગઇ છે! આવું શા માટે કરો છો? તમને ભાવિનો કંઇ વિચાર નથી આવતો?'

ભારતેન્દુ કહે - મારી ભાવિ પેઢીના સુખ-શાંતિ માટે જ આ દાનપ્રવાહ ચાલુ રાખ્યો છે અમારા પૂર્વજ 'અમીરંદે' રાષ્ટ્રદ્રોહ કરી ધનસંપત્તિ મેળવી હતી તેનાથી એમના હુળનું ધનોતપનોત નીકળી ગયું. આ સંપત્તિનો થોડો હિસ્સો મને પણ મળ્યો હતો. તેનો જ હું નિકાલ કરું છું.

Email - sureshchandrabhatt18@gmail.com

# ...તે પોતાનું તન-મન અખિલેષ પર ઓળઘોળ કરવા તૈયાર હતી, પણ કોઇ નબળી ક્ષણે તેના મુખેથી એવું બોલાઇ ગયેલું કે જેણે આખી બાજી બગાડી દીધી

## નવાં ક્લેવર
- નટવર હેડાઉ

અખિલેષજીને નાના-મોટાં સૌ માન આપતાં હતા. તે જન્મથી જ અંધ હતા અને કદાચ એ જ કારણે તેના માતા પિતાએ તેને સનાતની સાધુઓને સોંપી દીધા હતા. મને તેમની નજીક સંપર્કમાં રહેવાનો મોકો મળ્યો હતો. તેમના સાથીઓમાં એ સૌથી વધુ ખુશમિજાજ ગણાતા હતા. તેમની પાસે બેઠેલ કોઇ ઉદાસ રહી જ ન શકે. એવું તેમનું વ્યક્તિત્વ હતું. તેથી મને પણ તેમનો સંસર્ગ ગમતો.

ઉનાળાના સમયમાં એક રાતે અમે બંને ઘરની બહાર ખાટલામાં સુતા સુતા વાતો કરતા હતા તેમાં અખિલેષજીએ મને પુછ્યું 'નિસર્ગ પુનમ ક્યારે છે?'

મેં આકાશમાં ચંદ્રને જોઇને અંદાજે કહ્યું 'એક બે દિવસ પછી પુનમ હોવી જોઇએ. કેમ કે આજે પણ ચંદ્ર ખાસ્સો મોટો દેખાય છે.'

અખિલેષજી થોડીવાર ચુપચાપ સુતો રહ્યા પછી બોલ્યા. 'નિસર્ગ, તું કહે છે ચંદ્ર કેવો હોય?' ત્યારે મને એમ લાગ્યું કે તે હમણાં રડી પડશે. જો કે તેણે પોતાની રીતે એને ગોપીત રાખવાનો પ્રયાસ કર્યો.

'અખિલેષજી ચંદ્ર એક ગોલ ટુકડા જેવો દેખાય છે. થાળી જેવો ને ચળકતો.'

'ચળકતો?'

'હાં'

'થાળી જેવો?'

'હાં'

'નિસર્ગ અહીં રૂમમાં ક્યાંક થાળી છે?'

'ઘણીયે પડી છે.'

'તો એક લઇ આવ'

તેના ગાંડપણનો મનમાં ને મનમાં વિચાર કરી હસતો હું રસોડામાં જઇ એક થાળી લઇ આવ્યો.

થાળીને બે હાથે ઊંચી કરી દશ મિનિટ સુધી તેણે આગળ પાછળ ફેરવી. ક્યારેક સીધી તો ક્યારેક ઊંધી અને ક્યારેક વળી તેની કિનાર પર એ હાથ ફેરવવા લાગ્યા. નજીકના ખાટલા પર સુતો સુતો હું તેમની આ નાદાનિયત જોતો આશ્ચર્યથી વિચાર કરતો હતો કે આવો વિદ્વાન માણસ આમ સાવ નાના બાળક જેવું વર્તન કેમ કરે છે.

'બિલકુલ આ થાળી જેવો?' તેણે ફરી એક વાર મને અબુધ બાળક જેવો પ્રશ્ન કર્યો. પણ પ્રશ્ન જેટલો સરળ હતો એટલો જ જટીલ હતો.' ખેર! મેં મારાથી જેટલું સમજાવી સફળ ન થયો. તેમને મારી વાત સમજાઇ કે ન સમજાઇ એ બીજો પ્રશ્ન છે. મહત્ત્વપૂર્ણ વાત તો એ હતી કે તેમણે વાત સાંભળી કે નહીં. તેમના ચહેરા પર ઉદાસી છવાઇ ગઇ. મને શંકા થયેલ તે બાબતે પુછવું નકામું હતું. મારી આકાંક્ષા પુરી ન થઇ. તે પછી અખિલેષે 'મને ઊંઘ આવે છે.' એમ કહી પડખું ફેરવી લીધુ. તે વિહ્વળ મનથી પડખાં બદલતાં હતા એ જોઇ મને લાગ્યું કે ઊંઘ આવવાનું તેમનું બહાનુ જ હતું.

તે પછી ઘણા સમય બાદ એક દિવસ કોઇને આવીને અખિલેષજીને કહ્યું કે હિમાલયથી એક સાધુ મહારાજ આવ્યા છે. તે વૈદ્ય છે. તેની પાસે એક જડીબુઠ્ઠી છે. તેનો રસ આંખમાં નાંખવાથી અનેક પ્રજ્ઞાચક્ષુઓને દૃષ્ટિ મળી છે. તે વ્યક્તિએ વૈદ્ય ક્યાં એ ક્યારે મળશે તે પણ કહ્યું. અખિલેષ આ વાત જાણીને કેટલા વ્યાકુળ થયા તેનું વિગતવાર વર્ણન કરવું મુશ્કેલ છે. તેને એ જ વખતે મને બગીચામાં ભગાડ્યો.

જડીબુઠ્ઠી તો શું જડીબુઠ્ઠીનો બાપ આવે તોય અખિલેષની આંખો સાજી થઇ શકે તેમ ન હતી. કેમ કે અંદરનાં સફેદ ડોળા જ ખરાબ હતા. પણ એ વાત કરીને હું તેમનું દિલ કેવી રીતે તોડી શકું? હું બજાર ગયો. વૈદ્યરાજે જ્યાં દવાખાનું ખોલેલું ત્યાં પહોંચી ગયો. તેના રંગઢંગ જોઇને મને લાગ્યું કે આ બિલકુલ ઘતીંગ છે. તેના દવાખાનાનો આગળનો ભાગ આંધળા ભીખારીઓની ભીડથી ભરચક હતો. તે અંગે મને એવું જાણવા મળ્યું કે આ તો તેની જાહેરાત કરવા અને પ્રચારની એક રીત હતી. ગામમાંથી આંધળા ભીખારીઓને થોડા પૈસા આપવાનું ઠરાવી એ ભેગા કરતો હતો. અને દરેકને પોપટની જેમ તેમ પઢાવેલા હતા કે કોઇ પણ તેને પુછે તો તેનો એક જ જવાબ મળતો કે વૈદ્યજીની દવાથી અમને ધીરે ધીરે ફેર પડવા લાગ્યો છે અને થોડું થોડું દેખાવા લાગ્યું છે.'

મેં એ લોકોમાંથી જેટલાને પુછ્યું તે સૌનો એક જ જવાબ હતો. છતાં પણ મેં અખિલેષનું મન મનાવવા માટે એ વૈદ્યને સાથે લીધો. તેણે તેની આંખો તપાસી અને પછી ખુબ જ ગર્વ પૂર્વક કહ્યું. 'એક મહિનો સારવારમાં થશે.'

તે પછી તે દરરોજ સવારે આવી જતો. અખિલેષની આંખોમાં ટીપાં નાંખતો અને વીસ રૂપિયા ફી લઇ ચાલ્યો જતો. વલી એવો વાયદો હતો કે આંખે બરાબર દેખાતું થાય એટલે તેને બીજા પાંચસો રૂપિયા આપવા પડશે.

પણ છેવટે તેની પોલ ખુલી ગઇ. વૈદ્યરાજ ચારસોવીસીનાં કેસમાં પકડાઇ ગયા. આ બાજુ અખિલેષની દવા કરવામાં ત્રણ અઠવાડીયા જતાં રહ્યા હતા. લેશમાત્ર પણ ફેર પડ્યો ન હતો. તેથી હવે તેમને પણ લાગ્યું કે આ વૈદ્યને પોતે કરેલ વિશ્વાસ ખોટો હતો. જે વ્યક્તિએ તેમને આ માહિતી આપેલી તે પણ પેલા વૈદ્યનો એજન્ટ જ હતો.

જ્યારે અખિલેષને હિમાલયની આવેલા વૈદ્યરાજથી થયેલ ઠગાઇનું ભાન થયું અને મેં પણ તે અંગે ખોટો અભિપ્રાય આપ્યો ત્યારે તેમને ખુબ મોટો આઘાત લાગ્યો. એ ત્યાં સુધી કે બે ટાઇમ તેમને ખાવાનું પણ ન ખાધું. ખુબ જ ઉદાસ થઇ ગયા. પણ મારા સિવાય બીજા કોઇ પાસે તે પોતાની ઉદાસીનતા જાહેર થવા દેતા નથી.

તેના બીજા દિવસે જ્યારે હું તેમને સાંજે બગીચામાં ફરવા લઇ જતો હતો ત્યારે રીક્ષામાં બેસતાં તે કહેવા લાગ્યા. 'નિસર્ગ, હવે જીવવું નકામું છે.' કહેતાં તેમની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા.

બાગમાં જઇ મારાથી બને તેટલી તેમની સ્થિતિ સુધારવાનો મેં પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. મેં પુછ્યું, 'અખિલેષ શું થયું છે?' તમે આટલાં વર્ષ આંખો વિના ચલાવ્યું તો હવે બાકીનાં થોડી ઉંમર પણ એમ જ ચાલી જશે.'

તે ઉદાસ ચહેરે નિરાશા સાથે બોલ્યા. 'નિસર્ગ વાત એમ નથી. આંખો મળે તે માટે મેં એવી કોઇ કોશિષ અત્યાર સુધી કરી નથી. અને મને તે મળવાની કોઇ આશા પણ નથી. હું મારી અત્યારથી સ્થિતિથી ખુશ છું. મને સંતોષ છે. પણ મારા જીવનમાં એક એવી ઘટના બની છે જેની અસરમાંથી હું મારી જાતને હજી સુધી મુક્ત કરી શક્યો નથી એના પ્રભાવને કારણએ જ હું મારું મન મનાવી શક્યો નથી અને તેથી મને આંખો મેળવવાની લાલસા આટલી તીવ્ર બની છે. હું તો એમ કહું છું કે મને ફક્ત ચોવીસ કલાક માટે આંખો મળી જાય તો હું તેના દિલમાં રહેલો ભય દૂર કરી શકું. તેના માટે મારે ગમે તેટલો ખર્ચ કરવો પડે તો તે મંજૂર છે.'

અખિલેષે કહ્યું કે તેની પાસે બાપદાદાની બહુ મોટી જમીન છે. તેને વેચી દે તો આજે દસ પંદર લાખ રૂપિયાનો સહેજે મળી જાય. એ બધા પૈસા તે પેલા વ્યક્તિને આપવા તૈયાર છે. જે માત્ર ચોવીસ કલાક માટે મને આંખો આપે.

તે સાંજે બગીચામાં બેઠાં બેઠાં અખિલેષે મને વગર પુછ્યે આ બધી વાત કરી દીધી. જે સાંભલવા માટે મેં ઘણી વખત તેને કાકલુદી કરી હતી.

તેની આ આપવીતી ઘણી લાંબી અને કરૂણાજનક હતી. જે તેમને મને દોઢ બે કલાકમાં સંભળાવી. પણ તેમાં ટૂંકમાં વાત એટલી જ હતી જ હતી કે એ જમાનામાં એક યુવાન છોકરી અખિલેષજીને પ્રેમ કરવા લાગી હતી. તે અખિલેષની વિદ્વતા, ચારિત્ર્ય અને ભદ્રતા પર વારી ગઇ હતી. તે પોતાનું તન-મન અખિલેષ પર ઓળઘોળ કરવા તૈયાર હતી. પણ કોઇ નબળી ક્ષણે તેના મુખેથી એવું બોલાઇ ગયેલું કે જેણે આખી બાજી બગાડી દીધી. તે બોલેલી કે 'અખિલેષ તારી આંખો જોઇને મને ભય લાગે છે. બાકી બધું બરાબર છે.'

છોકરીએ આ વાત કરતાં અખિલેષના મનમાં એ વાત ઘર કરી ગઇ. તેણે જાણે કે તેના દિલમાં ખંજર ભોંકી દીધું હતું. બસ આ તેમનો ઇતિહાસ હતો.

અખિલેષે આમ જુઓ તો આ વાતને પંદર સત્તર વર્ષ થઇ ગયા હશે. અત્યાર સુધી તો એ ગૃહિણી બનીને કોઇને ઘરસંસાર સંભાળતી હશે. તેમાં કદાચ તમારો પ્રયત્ન ફળે ને આંખો મળી જાય તો પણ શું ફાયદો?

તે બોલ્યા 'નિસર્ગ' તને એ નહીં સમજાય. તું મારા મનની સ્થિતિને અનુભવી ન શકે. તેને મેળવવાની મને કોઇ ઇચ્છા નથી. તે જ્યારે મારા પર સર્વસ્વ ન્યોચ્છાવર કરવા તૈયાર હતી ત્યારે પણ મેં એવું વિચાર્યું ન હતું. શું તેની સાથે લગ્ન કરી હું તેનું જીવન બરબાદ કરી દઉં. એક આંધળા સાથે એ કેવી રીતે સુખી થઇ શકે? મારી ઇચ્છા તો એટલી જ છે કે તે મને જુએ અને તેને મારો ભય ન લાગે એટલે બસ.

# 'ગુડ મોર્નિંગ મુંબઈડડડડ...' આર.જે. ની ધમાલ સાથે રેડિયોની રંગત...!!

## આકાશવાણીથી એફ. એમ. સુધીનો મનોરંજક પ્રવાસ ખેડનારા રેડિયોનો જમાનો ફરી પાછો જોરમાં આવ્યો છે અને એને મસ્ત મજેદાર બનાવે છે રેડિયો જોકી

'ગુજરાત હુઆ જમાના, આના નહીં દોબારા' એવું ગીત રેડિયોની બાબતમાં જરા ખોટું પડે છે. આકાશવાણી અમદાવાદ - વડોદરા - રાજકોટ અને ભૂજ પરથી ક્વોલીટી પ્રોગ્રામ રજૂ થતા. રોજ એના પર સમાચાર, આપકી ફરમાઈશ, ભૂલે બિસરે ગીત, સંગીત સરીતા, એક હી ફિલ્મ સે, ધીમી ગતિના સમાચાર, ચિત્રલોક... જેવા આજેય સૌની સ્મૃતિમાં સચવાયેલાં કાર્યક્રમ સાથે ક્રિકેટ મેચ વખતની લાઇવ કોમેન્ટ્રીમાં સુશીલ દોશી, પાનનાં ગલ્લે ઊભાં રહી સાંભળેલો સ્કોરનો રોમાંચ અનેરો જ હતો... ૧૯૮૨ માં એશિયાડ અને ૧૯૮૩ નો ભારતે જીતેલો પ્રથમ વર્લ્ડકપથી ટી.વી. સૌના દિવાનખાનામાં આવ્યું એ પહેલાં હૉલમાં મોટો વાલ્વવાળો રેડિયો અને ગેલેરીમાં ભરાવેલું એન્ટીના એ પરિવાર અમીર હોવાની નિશાની હતી...

ટી-સિરીઝના ગુલશન કુમારે દસ રૂપિયામાં કેસેટો વેચવાની ચાલુ કરતાં રેડિયોનું સ્થાન ટુ-ઇન વન એટલે રેડિયો અને કેસેટ પ્લેયરે લીધું પણ એમાં મોટા ભાગે કેસેટોજ વાગતી, પછી રેડિયોને ભીલાવવામાં ટીવી મોટો ભાગ ભજવી ગયું. દૂરદર્શન-નેશનલ ચેલન સાથે શરૂ થયેલી યાત્રા દોઢસો-બસ્સો ચેનલો મળી એટલે રેડિયો - ટેપરેકોર્ડનો વારો આવતો જ બંધ થઇ ગયો. અધુરામાં પુરૂં સીડી, ડીવીડી એ પગપેસરો કર્યો, મોંઘા ગણાતા આ શોખમાંય 'આશિકી' દ્વારા ફરી સીડીનો ભાવ તૂટ્યો. સીડીમાં દસ ગીતની જગ્યાએ એમ.પી. ૩ એ લીધી અને એક જ સીડીમાં સવાલો ગીતો વાગતા થયાં, એમ.પી.૪, યુ.એસ.બી અને યુ-ટયુબ પછી સંગીત સૌની મુઠ્ઠીમાં આવી ગયું, પછી રેડિયોને કોણ યાદ કરે???

પણ... 'ગુડ મોર્નિંગ મુંબઈડડડ...' ના મીઠાં ટહુડા સાથે આવેલી વિદ્યા બાલને 'લગે રહો મુન્નાભાઈ' માં આર.જે.ની ભૂમિકા ભજવી અને એનો એ ડાયલોગ સૌને યાદ રહી ગયો. આ ભૂમિકા માટે એણે મુંબઈની સ્ટાર આર.જે. મલિષ્કા પાસેથી ખાસ ટ્રેનિંગ મેળવી હતી. અને એ ફિલ્મની અસર એટલે લોકો રેડિયો જૉકીને ઓળખતાં થયા. આ મીઠી લાગતી આકાશવાણીની જગ્યા મરચાં લગાડતી મિર્ચીએ લઈ લીધી. 'ધ્વનિત એ કીધું એટલે ફાઈનલ' એવો ધ્વનિત મુવી જોઈએ આવે અને ફિલ્મને રેટીંગ આપે અને આજના યંગસ્ટર્સ એનું માનેય ખરાં!!!

આકાશવાણીનાં ધીરગંભીર અને વાતોથી વયસ્ક ભાગતાં ઉદઘોષકની જગ્યા યુવાન-ફુટડાં સતત બકબક કરતાં રેડિયો જૉકીએ લીધી. આજે ભારતભરમાં મેટ્રો અને મોટાં શહેરોમાં એફ.એમ.ની બોલબાલા છે અને એને સફળ રખાવવામાં આ તરવરાટ ભર્યા આર.જે. ને 'કોકીલ કંઠી' ગળીને ગળું સાબદું રાખવું પડે છે. જો તમારાં અવાજમાં દમ હશે અને તમને રેડિયો બાબતની આવશ્યક જાણકારી હશે, તમારું નૉલેજ, વાંચન, હાજરજવાબી, કરંટ અફેર, બ્રેકીંગ ન્યૂઝ, ફિલ્મ માહિતી, ક્રિકેટની કક્કો બારાખડી અને લેટેસ્ટ ગેજેટ્સ આ બધું મસ્તીથી જાણતા હશો અને તમારામાં 'બુસ્ટ ઈઝ ધ સિક્રેટ ઓફ માય એનર્જી' હશે તો તમે પણ શ્રેષ્ઠ આર.જે. બની આજની આ સ્ટાડમમાં આવી શકો!!

આજના યુવાનોને એફ.એમ.ના આર.જે. સાથે ડાયરેક્ટ વાત કરવામાં મજા આવે છે. કારણ યંગસ્ટર્સની નાડ તેઓ પારખે છે. અને એમને લગતાં વિષયોની ચર્ચા લાઇવમાં યુવક-યુવતીઓ સાથે કરે છે અને એમને ગમે છે. રેડિયો પરથી માત્ર મનોરંજન કરવાનું કામ આર.જે. નું નથી હોતું, પણ આજુબાજુ બનતી બધી વાતો ક્યારેક તો ટીવી-છાપામાં જ આવેલું કહીને શ્રોતાઓને અપ-ટુ-ડેટ રાખવાનાં હોય છે. પ્રત્યેક આર.જે.ની પોતાની એક સ્ટાઇલ હોય છે અને સ્ટાઇલના પરફોર્મન્સ પર પેલો કે પેલી શ્રોતાઓ સાથે સીધો સંવાદ માંડે છે. આર.જે. નો મુખ્ય યુએસપી (યુનિક સેલિંગ પોઈન્ટ) એ એનો અવાજ હોય છે. એના અવાજમાં પ્રભુત્વ પર જ તો રેડિયોના ચાહકો વધતાં હોય છે. આર.જે.ને રેડિયો સિવાય રેડિયોની જાહેરાતમાં અવાજ, ફિલ્મનું ડબીંગ અને કાર્યક્રમો માટે એન્કર જેવા વિવિધ મહત્વના કામો મળતાં હોય છે.

આજકાલ ઘરમાં કે કારમાં રેડિયો સાંભળવો સામાન્ય થઇ ગયો છે. રેડિયો મિર્ચી, માય એફ.એમ., રેડિયો વન, રેડ એફ.એમ. જેવી રેડિયો ચેનલો અને એનાં આર.જે. અદિતી, દેવકી, દિક્ષીતા, હર્ષીલ, નૈષધ, રીયા, રોંકી, ધ્વનિત, મેઘા, એકતા, કુણાલ, સાયેના, માનવ, વિશાળ, પાયલ, આરતી, પૂજા, કૌશલ, કૃપા... આ લીસ્ટ હજું લાંબુ થઇ શકે, આ તો માત્ર અમદાવાદનાં આર.જે.ની વાત થઇ. આ બધામાં કંઇક ને કંઇક ગુણ છે, જે શ્રોતાઓને એમનો કાર્યક્રમ સાંભળવા મજબૂર કરે છે. ધ્વનિત - દેવકી, અને છેલ્લે કૃપાને હું રૂબરૂ મળ્યો છું અને એમને મેં જ્યારે કીધું, 'આ તો જલ્સાની નોકરી, બડબડ કરવાની અને રોકડી કરવાની' ત્યારે એમની વાતો અને મહેનત જાણીને આપણને આશ્ચર્ય થાય કે ત્રણ-આચર કલાકમાં કાર્યક્રમ માટે એમને દસ કલાકનું હોમવર્ક કરવું પડે છે!!

આજે જ્યારે યંગ જનરેશન બોલીવુડનાં હિરો-હિરોઇનને ફોલો કરે છે, અને બોલીવુડમાં દર અઠવાડિયે નવી ફિલ્મ અને નવાં ચહેરા સ્ક્રીન પર આવે છે અને એટલે આર.જે. આ બધાની રજેરજની માહિતી હોવી જરૂરી છે. આ સિવાય આજનું સંગીતનું જ્ઞાન પણ જરૂરી છે. ચાર કલાકના આર.જે.ના સ્લોટમાં શ્રોતાઓને જકડી રાખવા અલગ ટૉપીક - થીમ પસંદ કરી એને કલ્પનાનાં રંગે રંગી શ્રોતાઓને ઇન્વોલ્વ કરી રાખવા પડે છે...

*(અનુસંધાન પાના નં. ૬ પર)*

# તારી પ્રેઝન્સ મારાં હાર્ટ-બિટ્સ વધારી મૂકે છે

## ગુલમહોર
- દિનેશ દેસાઇ

ઍમિલી ડિકિન્સનની એક કવિતા યાદ આવે છે :

'તું જ્યારે મારી સામે આવે છે,
ત્યારે મૂનનાઇટ મારી સામે આવી જાય છે.
તારી ફેસલાઇટ મને આંજી નાખે છે.
તારી પ્રેઝન્સ મારાં હાર્ટ-બિટ્સ વધારી મૂકે છે.
મારે તને એ કહેવું છે કે જે દુનિયાનાં બધાં જ લવબર્ડ્ઝ એક-મેક સાથે પહેલીવાર શેર કરે છે.
તું વેસ્ટ વર્જિનિયા રહે છે અને હું એરિઝોના,
બટ, મને એમ લાગે છે કે, આપણી વચ્ચે કોઇ નથી,
કોઇ દૂરી નથી.
ઓન્લી યુ ઍન્ડ મી.
જસ્ટ વી આર ઍલોન.'

ઓ માય સ્વીટ હાર્ટ, મને તો એમ જ લાગ્યા કરે છે કે આ પોએમ તેં મારા માટે ના લખી હોય! તારી વાતો પણ કંઇ ઓછી રોમેન્ટિક નથી હોતી. જસ્ટ લાઇક, ઍમિલી... ડીયર, તારી બ્લૂ – બ્લૂ આઇઝ મારી રાતોની નિંદ બગાડી મૂકે છે. રીયલી, આઇ ટેલ યુ, આઇ મિસ યુ. હું જ્યારે જ્યારે તારા એસ.એમ.એસ. ઓપન કરીને વાંચતો હોઉં છું ત્યારે ત્યારે એમ જ ફિલ કરતો રહું છું કે હું જાણે તારા ઈનર-કોન્શિયસને ઓપન કરીને વાંચી રહ્યો છું.

ઘણી વખત તને મળ્યા પછી એમ જ થયા કરે કે, આપણે છુટા પડવાનું ના આવે તો કેવું સારું? તને પણ એમ જ થાય છે ને, પણ શું કરીએ? તને યાદ છે ને કે, એક વાર તેં મને કહેલું કે, ચાલ ને આપણે ક્યાંક ચાલ્યાં જઇએ. કોઇ એવા પ્લેસ ઉપર કે જ્યાં તારા અને મારા વિના બીજું કોઇ ના હોય. કોઇ એવા આઇલેન્ડ પર રહેવા જતાં રહીએ, ડીયર. બટ,લેટ મી ટેલ યુ, ધેર ઈઝ ઈમ્પોસિબલ. વોટ કેન વી ડુ?

તારી સ્નો-વ્હાઇટ સ્કિન ઉપર હું કલાકો સુધી હાથ ફેરવ્યા જ કરું એમ થયા કરે છે. રીયલી મિસ યુ. તારા રોઝ-લીફ મારી થન્ડર-પ્યાસ બુઝાવી રહ્યાં છે. તારા ફ્લાવરી-ચિક ઉપર મારી ફિંગરપ્રિન્ટ કશુંક લખી રહી છે. આર યુ બિલિવ ઈટ? એ શું લખી રહી છે? ના, નથી કહેવું. એ બધી વાત તો તું જ્યારે ફેસ ટુ ફેસ મળે ત્યારે જ. એમ આઇ રાઇટ?

તારી સાથે ચેટ કરતી વખતે મેં તારો ફ્રેન્ક અને એક્સ્ટ્રા ફોરવર્ડ નૅચર બરાબર ફિલ કર્યો હતો. જે મને ગમી ગયો હતો. ડીયર, એટલે જ તો તું મને ગમી ગઇ. બસ, એ જ મોમેન્ટથી હું તને ફિલ કરતો રહ્યો છું. ઍવરી મોમેન્ટ તને ફિલ કરૂં છું.

મેં જ્યારે તારી વોલ ઉપર લખ્યું હતું કે, 'નેવર મિસ ધ પર્સન, વ્હુ રીયલી મિસ યુ. નેવર મિસઅન્ડરસ્ટેન્ડ ધ પર્સન, વ્હુ રીયલી અન્ડરસ્ટેન્ડ યુ.' અને, તને યાદ છે, મારી આ વોલ-પોસ્ટ ઉપર જ તો તું ફિદા થઇ ગઇ હતી, અને તેં મને સામેથી પ્રપોઝ કર્યું હતું. આઇ નો, ડીયર. તું એમાં સમથિંગ ડિફરન્ટ છે. એટલે જ તો તું મને જરા વધુ પસંદ છે. માય સ્વીટ-નમકીન.

મેં તો તારી લવ-પ્રપોઝલના રીપ્લાયમાં એમ જ કહેલું કે, 'આઇ ડોન્ટ બિલિવ ઈટ, કોઇ છોકરી સામેથી લવ યુ કહે એ તો માનવામાં જ ના આવે ને. ઓહ, હું તને કેમ કરીને સમજાવી શકું કે, મારી પેશન્સ્‌ની તું એક્ઝામ ના લે. આઇ રીયલી ટેલ યુ ધેટ, આઇ મીસ યુ સો મચ. તારી બ્લૂ બ્લૂ આંખોનાં અંધકારમાં હું જાણે લપાઈ-છુપાઈ ગયો છું, યુ નો!

એવરી યર, ૧૪ ફેબ. વેલેન્ટાઇન ડે એન્જોય કરવામાં આવે છે. એ માટે વેલ ઈન એડવાન્સ, આઇ વિશ ટુ યુ, હેપી વેલેન્ટાઈન ડે. આખી દુનિયામાં લવ પ્રપોઝ કરવા માટેની સિઝન જામી છે. આઇ સેન્ડ યુ એ બાસ્કેટ ઓફ ફ્લાવર્સ. બી માય વેલેન્ટાઈન. મને ક્યાંક વાંચવા મળેલું કે, સેન્ટ વેલેન્ટાઈન થઈ ગયા. તેઓ બધાને ખુબ ચાહતા, લવ કરતા અને બધાને ખૂબ બધી પ્રેઝન્ટ્સ પણ આપતા. બસ, એમની યાદમાં લવબર્ડ્ઝ માટેનું આ એક ફેસ્ટિવ ઓકેઝન. આવું બધું જાણવા મળે ત્યારે મજા આવે છે. અચ્છા લગતા હૈ. સમથિંગ એમેઝિંગ.

ઈફ યુ લવ સમવન, સો પ્લિઝ, ટેલ હિમ-હર. બીકોઝ લાઇફ ઈઝ વેરી સ્મોલ ઍન્ડ પ્રીસિયસ. મને એક નાઇસ ઍન્ડ સ્મોલ લવસ્ટોરી યાદ આવે છે: એક છોકરો પોતાના ઘર સામે આવેલી એક બૂક્સ એન્ડ ગિફ્ટ શોપમાં શોપિંગ કરવા ગયો. ત્યાં જોબ કરતી કાઉન્ટર-ગર્લ એને ખૂબ ગમી ગઇ. પછી તો એ છોકરો દરરોજ શોપિંગના બહાને શોપમાં જવા લાગ્યો. પેલી છોકરીનો સ્માઇલી-ફેસ જોવા મળે, એની સાથે વાતચીત કરવા મળે એ જ એક માત્ર હેતુ રહેતો. છોકરો શોપમાંથી રોજ એક ગ્રિટિંગ કાર્ડ ખરીદે અને ઘેર પાછો ફરે.

થોડા દિવસથી એ છોકરો શોપમાં આવતો નહોતો. શોપમાં જોબ કરતી છોકરી પણ કદાચ એને મનોમન ચાહવા લાગી હશે. એથી જ તો એક દિવસ છોકરીએ હિંમત કરી અને શોપમાંથી સાંજે જોબ પૂરી કરીને ઘેર જતા પહેલાં પેલા છોકરાના ઘેર તપાસ કરવા ગઈ. એને ખબર હતી કે છોકરો શોપની સામે જ રહે છે. ડોર-બેલ વગાડ્યો. સામે એક ઓલ્ડ એન્ડ ગ્રેસફૂલ લેડી હતી. છોકરીએ પૂછ્યું ત્યારે ખબર પડી કે, એ છોકરાની મા હતી.

છોકરીએ પૂછ્યું કે, 'તમારો દીકરો ઘરે નથી?'

માએ કહ્યું કે, 'એ તો ઈશ્વર પાસે પહોંચી ગયો છે!'

સાંભળીને જ છોકરીને આ